એકત્રીકરણ માટે વિકાસ પરવાનગી

શ્રી નિસર્ગ ઇશ્વરભાઇ પટેલ તથા અક્ષર કોર્પોરેશન વતી તેના અધિકૃત ભાગીદારશ્રી નીમેશકુમાર એમ.પટેલને રહેણાંક તથા વાણિજય હેતુસર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ-૨૯(૧)(૧), ૨૯(૧)(૨), ૪૯(૧)(ખ) હેઠળ મોજે.વાવોલ, તા.જી.ગાંધીનગર,નગર રચના યોજના નં.૧૩ (વાવોલ), સર્વે નં.૮૪૫/૧,૮૪૬, મુળખંડ નં.૧૯૭/૧,૧૯૮, અંતિમખંડ નં.૧૯૭/૧,૧૯૮, ની ૩૩૭૧.૦૦ ચો.મી. જમીનમાં તેમની હદમાં નીચે વર્ણન કર્યા પ્રમાણે આ સાથેની શરતોને આધીન એકત્રીકરણ માટે પરવાનગી આપવામાં આવે છે

કામનું વર્ણન :

ક્રમ	હયાત સ્થળ સ્થિતિ મુજબ અંતિમખંડની વિગત	ક્ષેત્રફળ ચો.મી	એમાલગમેશન અંતિમખંડની વિગત	ક્ષેત્રફળ ચો.મી	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૦૧	૮૪૫/૧	૧૨૦૬.૦૦	૮૪૫/૧+૮૪૬	૩૩૭૧.૦૦	---
૦૨	૮૪૬	૨૧૬૫.૦૦			
	કુલ	૩૩૭૧.૦૦			

નોંધ: માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ મંજુર કર્યા મુજબ.

ક્રમાંક:પીઆરએમ/વાવોલ/૧૩૯/૧૨/૨૦૧૭/ /૨૦૧૯

વપરાશ: રહેણાંક તથા વાણિજય

તારીખ : 11/3/19

Khaniya.
જુનીયર નગર નિયોજક
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર.

ખાસ શરતો :-

૧. આ વિકાસ પરવાનગીથી જી.ડી.સી.આર.ના વિનિમય નં.૪.૨.૧ મુજબ તેમજ લાગુ પડતા કાયદા/નિયમો અન્વયેની પરવાનગીઓ મળતી નથી.

૨. સેપ્ટીક ટેંક તથા સોકવેલની સાઇઝ તથા નેશનલ બિલ્ડીંગ કોડ (આઇએસ ૨૪૭૦) તથા સિવિલ એન્જીનિયરીંગ હેન્ડબુક(બાય-ખન્ના) મુજબ ડ્રેનેજ લે-આઉટમાં દર્શાવવાના રહેશે. તે અનુસારની જોગવાઇ કરવાની જવાબદારી આર્કીટેક/ઇજનેર/સ્ટ્રકચરલ એન્જીનિયર/ક્લર્ક ઓફ વર્કસ/સાઇટ સુપરવાઇઝર/ડેવલપર/જમીન માલિકની રહેશે.

૩. વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલ નકશાઓને એક સ્થળ સેટ ઉપર પ્રસિધ્ધ કરવાનો રહેશે.

૪. સદરહુ લે-આઉટ પ્લાનની બીનખેતી અંગેની પરવાનગી જીલ્લા કલેકટરશ્રી/ જીલ્લા વિકાસ અધિકારીશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવી લેવાની રહેશે..

૫. આ પરવાનગી બાંધકામ અંગેની પરવાનગી નથી.

૬. બીનખેતી અંગેની પરવાનગી મળ્યા બાદ બાંધકામ શરુ કરતાં પહેલાં અત્રેથી બાંધકામ અંગેની પરવાનગી મેળવી લેવાની રહેશે.

શરતો

૧. વિકાસ પરવાનગી પત્રમાં દર્શાવેલ શરતોમાંથી કોઇપણ શરતનો ભંગ કરવામાં આવશે તો સત્તામંડળ તે શરતોનો અમલ જવાબદાર ઇસમના/સંસ્થાના ખર્ચે અને જોખમે કરાવી શકાશે અને સત્તામંડળ તેવા કૃત્યો ને લીધે નુકશાન, ખોટ કે હરકત થાય તે બદલ કોઇપણ વળતર કે બદલ મળશે નહીં.

૨. આ પરવાનગીના કારણે અરજદારને માલિકી, જમીનની હદ તથા જમીનના વિસ્તાર/ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી. પરંતુ લે-આઉટ પ્લાન/સબ પ્લોટીંગ/રેગ્યુલાઇઝેશન અંગેની મંજુરી આપવામાં આવે છે.

૩. આ વિકાસ પરવાનગીથી ખાનગી હકકો અંગે સત્તામંડળની કોઇપણ જવાબદારી રહેતી નથી.

૪. મુસદારૂપ નગર રચના યોજનામાં ફાળવવામાં આવેલ અંતિમ ખંડની હદ, માપ, ક્ષેત્રફળ તથા ફાળવણી ટાઉન પ્લાનીંગ ઓફીસરશ્રી ધ્વારા ફેરફારને પાત્ર છે.

૫. પ્લોટની હદ, આંતરિક રસ્તા ઉપર, કોમન પ્લોટમાં અંતરાય રુપ ન થાત તે રીતે યોગ્ય સ્થળોએ ૧૦૦.૦૦ ચો.મી. જમીનમાં વિસ્તાર દીઠ ૧ વૃક્ષ ઉગાડવાનું રહેશે. વૃક્ષોની ફરજીયાત જરુરીયાત મુજબ ટ્રી ગાર્ડ રાખી વૃક્ષોની સારસંભાળ રાખવાની જવાબદારી જમીન માલિક તથા વિકાસ પરવાનગી મેળવવાની રહેશે.

૬. લે-આઉટમાં દર્શાવેલ આંતરિક રસ્તાઓ પાકા કરવાના રહેશે.

૭. વખતો વખત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી વિકાસ માટેના જે નિયમો તથા જાહેરાત કરાય તે જમીન માલિક, હિતસંબંધ ધરાવતી વ્યકિત, સંસ્થા તેમજ અરજદારને બંધનકર્તા રહેશે.

૮. સદર વિકાસ પરવાગની અન્વયે જમીન માલિકીમાં ફેરફાર થાય અથવા આ પરવાનગી સાથે સંકળાયેલ રજીસ્ટ્રેશન ધરાવતી કોઇ વ્યકિત બદલાય તો નવા જમીન માલિકી અંગેના પુરાવા રજુ કરે ત્યાં સુધી તથા રજીસ્ટ્રેશન ધરાવતી નવી વ્યકિતની નિમણુંક ન થાય ત્યાં સુધી જી.ડી.આર.સી. ના વિનિયમ ૫.૨ મુજબ વિકાસ પરવાનગી નિલંબીત ગણાશે.

સદરહું સમય દરમ્યાન થયેલ બાંધકામ બિનઅધિકૃત ગણાશે.

૯. સરકારશ્રીના તા.૨૬-૦૫-૨૦૦૧ના સ્ટ્રકચરલ સેફટી અંગેના એનક્ષરના વિનિયમ ૧૩,૧૪,૧૫ ની જોગવાઇ અનુસાર ભુકંપ અંગેની સુરક્ષા, ચક્રવાત અંગેની સુરક્ષા, બાંધકામ તથા બાંધકામમાં વપરાતા ઇમારતી માલ સામાનની ગુણવત્તા અને ચકાસણી, બાંધકામની સ્થિરતા તથા આગ અંગેની સલામતી તેમજ અન્ય ભયજનક બાબતો અંગે નિષ્ણાંતોની સલાહ સુચના મુજબ પગલાં લેવાની તમામ જવાબદારી આર્કીટેકટ/ ઇજનેર/ સ્ટ્રકચરલ-એન્જિનિયર/ કલાર્ક ઓફ વર્કસ/ સુપરવાઇઝર/ ડેવલપર/ જમીન માલિકની રહેશે.

૧૦. આ વિકાસ પરવાનગી પત્ર મંજુર આપ્યા તારીખથી ૧૨ માસ સુધી જ અમલમાં રહેશે. ત્યારબાદ અધિનિયમની કલમ-૩૨ મુજબ વિકાસ પરવાનગીની મુદત વધારવાની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૧. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૩૩ મુજબ વિકાસ યોજનામાં જો કોઇ ફેરફાર થાય તો સત્તામંડળ આપેલ વિકાસ પરવાનગીમાં ફેરફાર કરી શકશે અથવા વિકાસ પરવાનગી રદ કરી શકશે.

૧૨. જી.ડી.સી.આર. ના વિનિમય ૩.૮ મુજબ અરજદારશ્રીએ ખોટી રીતે રજુઆત અથવા ખોટા દસ્તાવેજો પુરાવા રજુ કરેલ હશે તો આપેલ વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલ ગણાશે.

નોંધ: માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ મંજુર કર્યા મુજબ.

ક્રમાંક:પીઆરએમ/વાવોલ/૧૩૯/૧૨/૨૦૧૭/ 3106 /૨૦૧૯

વપરાશ: રહેણાંક તથા વાણિજય

તારીખ : 11/3/19

Ninama..
જુનીયર નગરનિયોજક
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર.

ગુડા

ગુડા

નમુનો - ઘ (નિયમ-૧૦)

રિવા. વિકાસ માટે પરવાનગી

શ્રી નિસર્ગ ઈશ્વરભાઇ પટેલ તથા અક્ષર કોર્પોરેશન વતી તેના અધિકૃત ભાગીદારશ્રી નીમેશકુમાર એમ.પટેલને રહેણાંક તથા વાણિજય હેતુસર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ-૨૯(૧)(૧), ૨૯(૧)(૨), ૪૯(૧)(ખ)હેઠળ મોજે ગામ. વાવોલ, તા.જી.ગાંધીનગર, નગર રચના યોજના નં. ૧૩ (વાવોલ), સર્વે નં:૮૪૫/૧,૮૪૬, મુળખંડ નં. ૧૯૭/૧,૧૯૮, અંતિમખંડ નં. ૧૯૭/૧,૧૯૮, ની ૩૩૯૧.૦૦ ચો.મી. જમીનમાં તેમની હદમાં નીચે વર્ણન કર્યા પ્રમાણે આ સાથેની શરતોને આધીન રિવાઇઝડ વિકાસ પરવાનગી આપવામાં આવે છે

કામનું વર્ણન :

ક્રમ	ફલોર(માળ)	બાંધકામ(બિલ્ટઅપ) નું ઉપયોગી ક્ષે. (ચો. મી)	બાંધકામનો ઉપયોગ	એકમની સંખ્યા	રીમાર્કસ
૧	૨	૩	૪	૫	૬
૦૧	બેઝમેન્ટ	૨૦૮૫.૯૫	પાર્કિંગ	---	અગાઉ અત્રેની કચેરીના પત્ર નં: પી.આર.એમ/ વાવોલ/૧૩૯/૧૨/ ૨૦૧૭/૧૦૭૩/ ૧૮,તા:૨૨/૦૨/૧૮ ના રોજ રહેણાંક ૫૩ તથા વાણિજય ૦૭ એમ કુલ-૬૦ એકમની વિકાસ પરવાનગી અપાયેલ છે. જેનું આયોજન રદ ગણવાનું રહેશે.
૦૨	હોલોપ્લીન્થ	૯૪૯.૫૯	પાર્કિંગ	---	
૦૩	ગ્રાઉન્ડ ફલોર	૩૩૩.૭૨	વાણિજય	૧૩	
૦૪	ફર્સ્ટ ફલોર	૧૨૨૫.૯૦	રહેણાંક	૧૬	
૦૫	સેકન્ડ ફલોર	૧૨૨૫.૯૦	રહેણાંક	૧૬	
૦૬	થર્ડ ફલોર	૧૨૨૫.૯૦	રહેણાંક	૧૬	
૦૭	ફોર્થ ફલોર	૧૨૨૫.૯૦	રહેણાંક	૧૬	
૦૮	ફીફથ ફલોર	૧૨૨૫.૯૦	રહેણાંક	૧૬	
૦૯	સીક્સ્થ ફલોર	૧૨૨૫.૯૦	રહેણાંક	૧૬	
૧૦	સેવન્થ ફલોર	૮૨૧.૫૬	રહેણાંક	૧૦	
૧૧	સ્ટેર કેબીન	૧૫૦.૭૭	---	---	
૧૨	મશીનરુમ તથા ઓવરહેડ ટાંકી	૧૨૮.૬૧	---	---	
	કુલ :	૧૧૮૨૫.૬૦	રહેણાંક+વાણિજય	રહેણાંક-૧૦૬+ વાણિજય-૧૩=૧૧૯	

નોંધ: માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ મંજુર કર્યા મુજબ

ક્રમાંક:પીઆરએમ/વાવોલ/૧૩૯/૧૨/૨૦૧૭/ /૨૦૧૯

વપરાશ: રહેણાંક તથા વાણિજય.

તારીખ : 11/3/19 3106

Acharya

જુનીયર નગર નિયોજક
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર.

ખાસ શરતો :

(૦૧) આ વિકાસ પરવાનગીથી જી.ડી.સી.આરના વિનિમય નં.૨૯ મુજબ તેમજ લાગુ પડતા કાયદા/નિયમો અન્વયેની પરવાનગીઓ મળતી નથી.

(૦૨) વિકાસ પરવાનગી મેળવ્યા બાદ સ્થળ ઉપર શરૂ કરતા પહેલા સાત દિવસ અગાઉ ફોર્મ નં. ૨ (ડી) નું એનેક્ષર, સ્ટ્રકચરલ ડ્રોઇંગ્સ, વર્કીંગ ડ્રોઇંગ્સ તથા સોઇલ ઇન્વેસ્ટીગેશન રીપોર્ટસ નિયમાનુસાર રજુ કરવાના રહેશે

(૦૩) બાંધકામના નીચેના દરેક તબકકે ફોર્મ નં. ૧૧ (નોટીસ ઓફ પ્રોગ્રેસ ઓફ કન્સ્ટ્રકશન) માં દર્શાવ્યા મુજબનું પોગ્રેસ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે અને સત્તામંડળ તરફથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળના તબકકાનું બાંધકામ શરૂ કરવાનું રહેશે.

અ. પ્લીન્થ અથવા ભોંયરાનું બાંધકામ હોય તો ભોંયરા ઉપરનો સ્લેબ ભરવામાં આવે તે પહેલાં.

બ. પ્રથમ માળનાં બાંધકામ વખતે.

ક. છેલ્લા માળનાં બાંધકામ વખતે.

(૦૪) જી.ડી.સી.આર.ની જોગવાઇ તથા સરકારશ્રીના તા. ૧૨/૧૦/૨૦૧૭ ના સ્ટ્રકચર સેફટી અંગેના વિનિમય નં.૩ અનુસાર બાંધકામના સ્થળની જરૂરીયાતોની જોગવાઇઓનું પાલન થયેથી જ સ્થળ ઉપર બાંધકામ શરૂ કરવાનું રહેશે.સેપ્ટીક ટેંક તથા સોકવેલની સાઇઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (આઇએસ ૨૪૭૦) તથા સિવિલ એન્જીનિયરીંગ હેન્ડબુક બાયખન્ના મુજબ ડ્રેનેજ લે-આઉટમાં દર્શાવવાના રહેશે. તે અનુસારની જોગવાઇ કરવાની જવાબદારી આર્કીટેક/ઇજનેર/સ્ટ્રકચરલ એન્જીનિયર/કર્લક ઓફ વર્કસ/સાઇટ સુપરવાઇઝર/ડેવલપર/જમીન માલિકની રહેશે.

(૦૫) સેપ્ટીક ટેંક તથા સોકવેલની સાઇઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (આઇ.એસ ૨૪૭૦) તથા સિવિલ એન્જીનિયરીંગ હેન્ડબુક બાયખન્ના મુજબ ડ્રેનેજ લે-આઉટમાં દર્શાવવાના રહેશે.તે અનુસારની જોગવાઇ કરવાની જવાબદારી આર્કીટેક/ઇજનેર/સ્ટ્રકચરલ એન્જીનિયર/કર્લક ઓફ વર્કસ/સાઇટ સુપરવાઇઝર/ ડેવલપર/જમીન માલિકની રહેશે.

(૦૬) વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલ નકશાઓનો એક સેટ સ્થળ ઉપર પ્રસિધ્ધ કરવાનો રહેશે.

(૦૭) બાંધકામ પૂર્ણ થયા બાદ જ વપરાશ શરૂ કરવાનો રહેશે.

(૦૮) સદરહું જમીનનો બીનખેતીનો ઉપયોગ કરતાં પહેલાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૫ અન્વયેની સંબંધિત અધિકારીશ્રીની જરૂરી પરવાનગી લેવાની રહેશે તેમજ બીનખેતી કરાવ્યા બાદ અન્ય કાયદા હેઠળ જરૂરી બાંધકામની પરવાનગી સ્થાનિક સંસ્થા પાસેથી મેળવીને બાંધકામ કરવાનું રહેશે. આ સિવાય કરેલ વિકાસ/બાંધકામ ગેરકાયદેસર ગણાશે.

(૦૯) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૬ અને ૪૯ અન્વયે સદરહું જમીનમાં બાંધકામ મંજુર વિકાસ યોજના/નગર રચના યોજનાની દરખાસ્તો અને નિયમો મુજબ કરવાનું રહેશે.

(૧૦) બાંધકામ પરવાનગી, સર્વે નંબર/બ્લોક નંબર અથવા અંતિમખંડ અગર સબપ્લોટમાં અરજદાર જે જમીનમાં કબજેદાર/માલિક છે તે જમીન પુરતી પરવાનગી આપવામાં આવે છે.

(૧૧) આ પરવાનગીના કારણે અરજદારની માલિકી તથા જમીનનો હદ વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી, પરંતુ નિયમોનુસાર વિકાસ અંગેની મંજુરી મળે છે તેમજ આ પરવાનગી અધિકૃત સનદ ટીપ્પણ, અંતિમખંડના માપને આધિન રહીને આપેલ ગણાશે.

(૧૨) વિકાસ નકશામાં અને નગર રચના યોજનામાં જુદા જુદા વિસ્તારમાં જમીનનો અને મકાનના ઉપયોગ વિશે જે ખાસ નિયમો હશે તેની વિરુધ્ધનો ઉપયોગ કરી શકશે નહિ તેમજ મંજૂર કરવામાં આવેલ વિકાસ પરવાનગી મુજબના નકશાના દરેક ખંડનો જે ઉપયોગ હશે તેથી જુદો ઉપયોગ અગાઉથી મંજુરી લીધા સિવાય કરી શકશે નહિ.

(૧૩) વિકાસ પરવાનગી સત્તામંડળના પ્રવર્તમાન નિયમો મુજબ આપવામાં આવી છે અને ખાનગી હકકોના નુકશાનો અંગે સત્તામંડળની કોઇપણ જવાબદારી રહેતી નથી.

(૧૪) વિકાસ પરવાનગી સત્તામંડળના અધિકારી જોવા માંગે તો તે બતાવવા માલિક બંધાયેલા છે જો તે નહિ બતાવે તો તે કામ બંધ કરવા હુકમ કરશે અને તે મુજબ કામ બંધ કરવાનું રહેશે તેમજ વિકાસ પરવાનગી સાથે મંજુર કરાયેલા નકશાઓનો (લેમીનેટેડ કરાવેલ) એક સેટ/નકલ સ્થળ પર રાખવાનો રહેશે તેમજ વિકાસ પરવાનગી નંબર/ તારીખ તેમજ જમીનની વિગતો દર્શાવતું બોર્ડ પણ સ્થળે પ્રસિધ્ધ કરવાનું રહેશે.

(૧૫) આ વિકાસ પરવાનગી આપ્યા તારીખથી ૧૨ માસ સુધી અમલમાં રહેશે તથા આ હુકમની તારીખથી નિયમોનુસાર મળવાપાત્ર સમયમર્યાદામાં આપેલ મંજુરી મુજબનું વિકાસ કાર્ય સમાયાંતરે રીન્યુઅલ મેળવી પૂર્ણ કરવાનું રહેશે.

(૧૬) સવાલવાળી જમીન લેન્ડ એકવીઝેશન એકટ-૧૮૯૪ મુજબ એકવાયર કરનારને સદરહું એકટની કલમ-૪ અન્વયે નોટીફિકેશનની કયું હશે તો એકવીઝેશન એકટની કલમ-૨૪(૭) મુજબ જીલ્લા કલેકટરશ્રીની રજા, બાંધકામ શરૂ કરતા પહેલા લેવાની રહેશે.

(૧૭) વખતો વખત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી તથા સરકારશ્રી તરફથી વિકાસ માટેના જે નિયમો કે સુચનાઓ તથા જાહેરાત કરાય તે બંધનકર્તા રહેશે.

(૧૮) અરજદાર આ સત્તામંડળ તથા સરકારશ્રી વખતોવખત નકકી કરે તે મુજબના ડેવલોપમેન્ટ ચાર્જીસ, અન્ય ચાર્જીસ ડીપોઝીટ તેમજ ફી ભરવા જવાબદાર રહેશે.

(૧૯) ઉપર જણાવેલ શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારો ૧૯૭૬ ની કલમ ૨૯/૫, ૩૫, ૩૬, ૩૭, ૪૯/૧ અને ૯૮ વગેરેની જોગવાઇ મુજબ દંડ તથા શિક્ષાને પાત્ર રહેશે.

(૨૦) જો પ્રશ્નવાળી જમીન ઉપર બોજો હશે તો ધિરાણ કરનાર સંસ્થાના કારણો તેમને બંધનકર્તા રહેશે.

(૨૧) ગુજરાત ટાઉન પ્લાનીંગ પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ સિવાયના બીજા પ્રવર્તમાન કાયદાઓ હેઠળ લેવા પાત્ર મંજુરીઓને આધિન રહીને વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

(૨૨) મંજુર થયેલ પ્લાન મુજબનો વિકાસ શરૂ કરતા પહેલાં સાત દિવસ અગાઉ નિયમોનુસાર ડીટેઇલ વર્કીંગ ડ્રોઇંગ તથા સ્ટ્રકચરલ ડ્રોઇંગ્સ અત્રે રજુ રાખી તથા તેના આનુષાંગિક રીપોર્ટસ સમય અંતરે અત્રે રજુ કરી તથા તબકકાવાર પ્રગતિની અત્રે નિયત નમૂનામાં જાણ કરી તપાસ કરાવવાની શરતોએ વિકાસ પરવાનગી આપવામાં આવતી હોઇ તેનો ભંગ થયેથી આપેલ વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે.

(૨૩) રજુ થયેલ નકશામાં દર્શાવ્યા મુજબનો વિકાસ કરતાં પહેલાં સ્થળે ખાનગી હકકોને નુકશાન ન થાય તેમ યોગ્ય તે અધિકૃત પ્રવેશ રજુ કરેલ.....મુજબ મેળવી લેવાનો રહેશે.

(૨૪) ઔધોગિક/વાણિજય બાંધકામને લગતા સરકારશ્રીના જુદા જુદા ખાતાઓના નિતી નિયમો પણ અરજદારશ્રીને બંધનકર્તા રહેશે તથા તે અન્વયે સંબંધકનું ના વાંધા પ્રમાણપત્ર મેળવી રજુ કરવાનું રહેશે.

(૨૫) માર્જીનવાળા ભાગમાં, આંતરિક રસ્તા ઉપર અને કોમન પ્લોટમાં કોઇને અંતરાયરૂપ ન થાય તે રીતે યોગ્ય સ્થળે કુલ જમીનમાં વિસ્તારની ગણત્રી મુજબ ૨૦૦.૦૦ ચો.મી. દીઠ વ્રણ વૃક્ષ પ્રમાણેના વૃક્ષો વાવવાના તથા ઉછેરવાના રહેશે તેમજ તે અન્વયે અરજદારશ્રીને અત્રે આપેલ બાંહેધરી મુજબનો અમલ કરવાનો રહેશે.

(૨૬) વરસાદી કુદરતી પાણીના વ્હેણને, અવરોધ ન થાય અને તેનો યોગ્ય રીતે અને સરળતાથી નિકાલ થાય તેવી જરૂરી વ્યવસ્થા રહેશે.

(૨૭) સરકારશ્રી સરકારશ્રી દ્વારા મંજુર થયેલ ડ્રાફટ, પ્રિલીમનરી ટી.પી.સ્કીમ નં.<u>૧૩ (વાવોલ)</u>, મુજબ કેસરી રંગથી દર્શાવેલ જમીનનો સમાવેશ અન્યની માલીકી જમીનમાં થતો હોઇ સદર નગર રચના યોજના અંતિમ થયે અંતિમખંડ મુજબની અન્યની માલિકીની જમીનનો પ્રત્યક્ષ કબજો જમીન માલિકને મળ્યા બાદ તેની સત્તામંડળની લેખિતમાં જાણ કરી પ્રસ્તુત જમીનમાં બાંધકામ/વિકાસ કાર્ય કરી શકાશે.

(૨૮) લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ ખુલ્લી જમીનમાં વોટર રિચાર્જીંગ કુવા અંગેનું આયોજન રજુ કરેલ બાંહેધરી મુજબ કરવાનું રહેશે.

(૨૯) માન્ય લેબોરેટરીના સોઇલ ઇન્વેટીગેશન રીપોર્ટ અન્વયે જમીન પર થનાર વિકાસ કાર્યનો યોગ્યતા અને સલામતીના માપદંડ તથા સુચવેલ ભલામણોનો અમલ કરી તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તે મુજબ બાંધકામની મજબુતાઇ અંગે સ્ટ્રકચરલ એન્જીનીયરે નકશા તૈયાર કરવાનાં રહેશે તથા બાંધકામ કરવાનું રહેશે તથા તેની જાણ સમયાંતરે સત્તામંડળને કરવાની રહેશે.

(૩૦) મંજુર કરેલ આયોજનમાં નિયમ મુજબ સ્થળે રોડ સાઇટ ફ્રન્ટ માર્જીનમાં કચરાપેટી તથા ટપાલ બોક્ષને લગતી સુવિધા આયોજકે કરવાની રહેશે.

(૩૧) રજુ કરેલ આયોજન સંદર્ભે આયોજન સંદર્ભે મિલ્કતની સલામતી માટે ઇન્ડીયન સ્ટાન્ડર્ડ સ્પેશીફિકેશન એન.બી.સી. નિયમોનુસાર સ્ટ્રકચરલ સ્ટેબીલીટી, ફાયર સેફટી તથા અન્ય બાબતો લક્ષમાં લઇ વિકાસ કાર્ય /બાંધકામ કરવાનું રહેશે તથા તે અંગે જરૂરી સક્ષમ અધિકારી/વિભાગ તરફથી 'ના વાંધા પ્રમાણપત્ર' મેળવી અત્રે રજુ કરવાનું રહેશે તથા તે અંગેની સંપૂર્ણ જવાબદારી અરજદાર/ડેવલપરશ્રીની રહેશે.

(૩૨) સવાલવાળી જમીનનો સમાવેશ નગર રચના યોજનામાં થતો હોઇ તે અંગે વિકાસ પરવાનગી બાબતે જરૂરી નગર રચના યોજનાની જનરલ શરતો આ સાથે સામેલ પાના નંબર **૨ થી ૭** મુજબ બંધનકર્તા રહેશે.

(૩૩) રજૂ કરેલ લે-આઉટમાં દર્શાવેલ કોમન પ્લોટની માલિક બિનતબદીલ તથા અવિભાજય સત્તા પ્રકારની રહેશે. તેમજ સદરહું લે-આઉટના મંજુર કરેલ તમામ પ્લોટ/ટેનામેન્ટના વખતો-વખતના માલિકોનો પણ વણ.વહેંચાયેલ સમાન હિસ્સો રહેશે.

(૩૪) સવાલવાળી જમીનમાં લો-કોસ્ટ ટાઇપ હાઉસનું આયોજન હોય, નિયમોનુસાર કો.ઓ.સોસાયટીનું રજીસ્ટેશન કરાવીને તેના જરૂરી પુરાવા મંજુરી હુકમ તારીખથી છ માસમાં અત્રે રજુ કરવાના રહેશે.

(૩૫) લે-આઉટમાં દર્શાવેલ ઓપન સ્પેશ, બાંધકામ નિયંત્રણ રેખા તથા કોમન પ્લોટની ખુલ્લી જમીનમાં કોઇપણ પ્રકારની બાંધકામ/વિકાસ કાર્ય કરવાનું રહેશે નહીં.

(૩૬) મંજુર કરેલ આયોજનમાં નિયમોનુસાર સોસાયટીની ખુલ્લી જમીનમાં ઇલેકટ્રીકલ ટ્રાન્સફોર્મર માટેની જમીન અલગથી ફાળવી જે તે સુવિધા આયોજકે કરવાની રહેશે.

(૩૭) તા.૨૨/૦૨/૨૦૧૮ થી આપવામાં આવેલ વિકાસ પરવાનગી આથી રદ ગણવાની રહેશે

(૩૮) અગાઉ **તા.૨૭/૧૧/૨૦૧૭** થી મેળવેલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીના, બિનખેતી હુકમમાં નિર્દિષ્ટ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૩૯) નગર રચના અધિકારીશ્રીના અભિપ્રાયમાં દર્શાવેલ શરતોને આધિન સદર પરવાનગી આપેલ હોઇ, તેઓશ્રી દ્વારા નિર્દિષ્ટ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૪૦) ચીફ ફાયર ઓફીસરશ્રીના અભિપ્રાય સ્થળ પર ફાયર સેફટી અંગેની જોગવાઇ કરવાની રહેશે. તેમજ મેળવેલ વિકાસ પરવાનગી મુજબ સ્થળે બાંધકામ પૂર્ણ કરી ફાયરસેફટી અંગેની જોગવાઇ કરી ચીફ ફાયર ઓફીસરશ્રીનું 'ના વાંધા પ્રમાણપત્ર' તેમજ અત્રેથી વપરાશનું પ્રમાણપત્ર મેળવ્યાબાદ બાંધકામનો ઉપયોગ કરી શકાશે.

(૪૧) નેશનલ બિલ્ડીંગ કોડની જોગવાઇઓનું ચુસ્તપણે એન્જી.શ્રી/સ્ટ.એન્જી.શ્રી/ડેવલોપરશ્રી એ ચુસ્તપણે અમલ કરી બાંધકામ કરવાનું રહેશે તથા રજુ કરેલ એફીડેવીટનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪૨) મેળવેલ વિકાસ પરવાનગી મુજબની લીફટ તથા ફાયર લીફટનું આયોજન કર્યા બાદ ચીફ લીફટ ઇન્સ્પેકટરશ્રીનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ લીફટનો ઉપયોગ કરવાનો રહેશે.

(૪૩) નેશનલ બિલ્ડીંગ કોડના ઉપલક્ષમાં ફાયર ફાઇટીંગ પ્રોવિઝન, અન્ડર ગ્રાઉન્ડ ટાંકીની જોગવાઇ વિગેરેની સંબંધક ખાતાની એન.ઓ.સી. મેળવી કરવાની રહેશે.

(૪૪) લીફટ/દાદર/પેસેજ/કોરીડોર વિગેરે માટે તથા ઇન્ટરનલ ફાયર હાઇફન્ટ માટેની લાઇટીંગની/ઇલે.સર્કીટની અલાયદી વ્યવસ્થા જે તે સંબંધક ખાતાનું 'ના વાંધા પ્રમાણપત્ર' મેળવી આયોજકે કરવાની રહેશે.

(૪૫) સદર જમીનમાં બાંધકામ/વિકાસ શરૂ કરતા પહેલા સાઇટ સુપરવાઇઝરનું અત્રેનું જરૂરી રજીસ્ટ્રેશન મેળવી સ્થળે બાંધકામ/વિકાસ કરવાનો રહેશે.

(૪૬) મેળવેલ વિકાસ પરવાનગી મુજબ સ્થળે બાંધકામ શરૂ કરતાં પહેલા વર્કિંગ ડ્રોઇંગ, સ્ટ્રકચરલ ડ્રોઇંગ સત્તામંડળમાં રજુ કરવાના રહેશે તથા જી.ડી.સી.આર.ની જોગવાઇ મુજબ દરેક બાંધકામનો તબક્કાવાર પ્રગતિ અહેવાલ સત્ત.મંડળમાં રજુ કરવાનો રહેશે, બાંધકામની સ્ટ્રકચરલ સ્ટેબીલીટી જળવાઇ રહે તે મુજબ બાંધકામ કરવાની સમગ્ર જવાબદારી એન્જી./સ્ટ્ર.એન્જી./ડેવલોપરશ્રીની રહેશે.

(૪૭) ડ્રાફટ સ્કીમ મુજબન. અંતિમખંડ નં. - ની જમીનમાં મળતી અન્ય માલિકીની જમીનમાં સરકારશ્રી દ્વારા પ્રારંભિક નગર રચના યોજના મંજુર થયા બાદ કાયદાકીય રીતે કબજો મેળવ્યા બાદ સદર જમીનમાં અત્રેની કચેરીની જાણ હેઠળ બાંધકામ કરવાનું રહેશે.

(૪૮) સદર નકશામાં સૂચવેલ ઉંચાઇ પૈકીની <u>૨૫.૦૦</u> મી. ઉંચાઇ સુધીનું બાંધકામ કરવા માટે જ આ પરવાનગી આપવામાં આવે છે.

(૪૯) પ્રશ્ન હેઠળની જમીનનો સમાવેશ સરકારશ્રીની મંજુરી અર્થે પાઠવેલ પ્રારંભિક નગર રચના યોજના નં:૧૩ (વાવોલ),'ગુડા'ના વિસ્તારમાં થતો હોઇ, આ નગર રચના યોજના આખરી થશે તેના તમામ નિર્ણય બંધનકર્તા રહેશે.

(૫૦) નગર રચના યોજનાને સરકારશ્રીની મંજુરી મળ્યેથી નિમાનાર નગર રચના અધિકારીશ્રી દ્વારા તેને અંતિમ કરતાં લે-આઉટ પ્લાન ઉપર દર્શાવેલ અંતિમખંડની હદો/ક્ષેત્રફળ કે અન્ય દરખાસ્તો ફેરફારને પાત્ર હોઇ યોજના અંતિમ થતાં નગર રચના અધિકારીશ્રી દ્વારા લીધેલ નિર્ણય બંધનકર્તા રહેશે.

(૫૧) પ્રશ્ન હેઠળની જમીનનો નગર રચના યોજના અંગેનો બેટરમેન્ટ ચાર્જ સત્તામંડળ દ્વારા જણાવ્યેથી સત્વરે ભરપાઇ કરવાનો રહેશે તથા મંજુર લે-આઉટના સબ પ્લોટસ/ફલેટસ જે તે ઇસમ કે સંસ્થાને ભાડે યા વેચાણ આપતી વખતે તેનો ભાડા ખત/વેચાણ દસ્તાવેજમાં ઉલ્લેખ કરવાનો રહેશે.

(૫૨) સવાલવાળી જમીનના નગર રચના યોજનાના મૂળખંડમાંથી કપાત થતી જમીનના કબજા બાબતે આપેલ બાંહેધરી મુજબનો અમલ કરવાનો રહેશે.

(૫૩) નગર રચના યોજના અન્વયે અન્યની માલીકીની જમીનમાં ફાળવેલ અંતિમખંડની જમીન અન્વયે અરજદારે જે તે સંબંધિત જમીન માલિક/કબ્જેદારોની સંમતિ મેળવી તેનો કાયદાકીય જોગવાઇ અનુસાર પ્રત્યક્ષ કબજો કાયદાકીય રીતે મેળવી સવાલવાળી જમીનમાં વિકાસકામ/બાંધકામ કરવાનું રહેશે.

(૫૪) તા:૧૬/૦૨/૨૦૧૯ ના રોજથી આપેલ બાંહેધરી મુજબ ઓ.એન.જી.સીનું એન.ઓ.સી રજુ કર્યા બાદ બાંધકામ કરવાનું રહેશે.

(૫૫) ઉપરોક્ત જણાવેલ કોઇપણ શરતનો ભંગ થશે તો આપેલ વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે.

નોંધ: માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ મંજુર કર્યા મુજબ.
ક્રમાંક:પીઆરએમ/વાવોલ/૧૩૯/૧૨/૨૦૧૭/ /૨૦૧૯
વપરાશ: રહેણાંક તથા વાણિજય
તારીખ : 11/3/19 3106

Acharya.
જુનીયર નગર નિયોજક
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર.

નં. સીબી/જમીન/તત્કાલ/બી.ખે./એસ.આર./૭૬/૧૭/વશી.૪૨૫૯૬ થી ૪૨૬૧૦/૨૦૧૮

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની
કચેરી, ગાંધીનગર.
તારીખઃ–૧૭/૧૨/૨૦૧૮

વંચાણમાં લીધાઃ–

(૧) અરજદારશ્રી **નિસર્ગ ઈશ્વરભાઈ પટેલ, રહે.વાવોલ, તા.જી.ગાંધીનગરની તા.૨૭.૦૩.૨૦૧૮ તથા તા.૧૦.૦૯.૨૦૧૮ ની અરજી.**

(૨) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટરશ્રી, લેન્ડ રેકર્ડઝ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **એચકયુએ/વશી.૧૦૨૪/વાવોલ/૮૪૫/૧/૨૦૧૭–૧૮, તા.૧૧.૦૪.૨૦૧૮**

(૩) નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ઓ.એન.જી.સી. અમદાવાદનો પત્ર ક્રમાંક : **એલએકયુ/અભિપ્રાય/એસ.આર.નં.૨૧૬૩/જાવક નં.૧૪૫૦/૨૦૧૮, તા.૦૯.૦૪.૨૦૧૮**

(૪) જુનિયર નગર નિયોજકશ્રી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **ગુડા/તાંત્રિક/૨૩૮૪/૨૦૧૮, તા.૧૬.૦૪.૨૦૧૮**

(૫) પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **પીઓ/જમીન/વશી.૪૬૦૮૨/૨૦૧૮, તા.૨૬.૧૦.૨૦૧૮**

(૬) નાયબ કલેકટરશ્રી, (જ.સુ.) અપીલ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : જ.સુ./અપીલ/૪૩/૬૩/૬૩એએ/એસ.આર.૧૭૭/૧૭/વશી.૧૫૫/૨૦૧૮, તા.૧૧.૦૧.૨૦૧૮

(૭) જમીન–૨ (આર.ટી.એસ.) દફતરનો પત્ર ક્રમાંક : સીબી/જમીન–૨/એસ.આર.૬૫/૨૦૧૮, તા.૨૪.૦૧.૨૦૧૮

(૮) મામલતદારશ્રી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **મામ/જમીન/વશી.૪૫૪૧/૨૦૧૮, તા...૦૯.૧૮**

(૯) મામલતદાર અને કૃષિપંચશ્રી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **મામ/ગણોત/એસ.આર.૫૨૫/૨૦૧૮, તા.૨૬.૦૯.૨૦૧૮**

(૧૦) અત્રેનો હુકમ નં.સીબી/ગણોત/વશી.૯૦૫૪ થી ૯૦૫૯/૨૦૧૨, તા.૧૩.૦૯.૨૦૧૨ તથા હુકમ નં.સીબી/ગણોત/વશી.૪૮૦૫ થી ૪૮૧૨/૨૦૧૮, તા.૦૨.૦૭.૨૦૧૮

(૧૧) સરકારશ્રીનાં મહેસુલ વિભાગના તા.૧.૭.૨૦૦૮ ના ઠરાવ નં.બખપ/૧૦૦૬/૪૨૫/ક.

(૧૨) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧૦.૭.૨૦૦૮ ના ઠરાવ નં.બખપ/૧૦૦૬/૪૨૫/ક.

(૧૩) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૫.૭.૯૩ ના પરિપત્ર નં.એલઆરસી/૧૦૯૩/ ૯૨૮/ક તથા તા.૨૨.૪.૦૩ ના પરિપત્ર ક્રમાંકઃએલઆરસી/૧૦/૨૦૦૨/૧૬૪૦/ક.

(૧૪) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃકેવી/૭૩/ઓએફ/૯૪/એનપીએસ/૪૫૯૩/૩૫૯૪/એમ, તા.૧૪.૪.૯૪

(૧૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃજિપં/જમન/બિ.ખે.૬/વશી.૨૭૩૭–૫૫/૦૪; તા.૧૯.૮.૨૦૦૪.

(૧૬) મુંબઈ જમીન મહેસુલ કાયદો–૧૮૭૯ અને ગુજરાત જમીન મહેસુલ નિયમો–૧૯૭૨.

(૧૭) **અરજદારશ્રીની તા.૩૦.૧૧.૨૦૧૮** ની અરજી તથા રૂબરૂ થયેલ ચલણ/પાવતી.

(૧૮) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગરનો **પત્ર ક્રમાંકો : તજ૨/ગાંધી/બુક/વેરીફીકેશન/૧૨/૨૦૧૮, ૪૪૮૫, તા.૦૬.૧૨.૨૦૧૮**

:: હુ ક મ ::

મોજે.**વાવોલ**, તા.જિ.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.**૮૪૫/૧ (એફ.પી. નં.૧૯૭/૧)** ની **ક્ષે.૧,૨૦૬ ચો.મી.** જમીન પૈકી **ક્ષે.૮૮૬ ચો.મી.** જમીનમાં **રહેણાંક** તથા **ક્ષે.૩૨૦ ચો.મી.** જમીનમાં **વાણીજય** હેતુ માટે અરજદારે **આમુખ–૧** ની અરજીથી બીનખેતી મંજુરી માંગેલ છે. આ કામે **આમુખ–૧૧, ૧૨ તથા ૧૩** ની જોગવાઈઓ અનુસાર સંબંધિત કચેરી/ અધિકારીઓના અભિપ્રાયો માંગેલ જે **આમુખ–૨ થી ૯** મુજબ હકારાત્મક અભિપ્રાયો મળેલ છે. જયારે નીચેની કચેરીઓના અભિપ્રાય સમય મર્યાદામાં મળેલ નથી.

(૧) જનરલ મેનેજરશ્રી, એલ.એ.કયુ.વિભાગ, ઓ.એન.જી.સી. અવની ભવન, અમદાવાદ

સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧.૭.૦૮ ના ઠરાવ ક્રમાંક:બખપ–૧૦૦૬– ૪૨૫–ક ની જોગવાઈઓ અનુસાર જે કચેરીઓ ધ્વારા નોટીસ ઈસ્યુ થયા તારીખથી ૨૧ દિવસમાં કોઈ અભિપ્રાય રજૂ કરેલ નથી, તેમજ ૨૧ દિવસનો સમય પૂર્ણ થયેલ હોવા છતાં કોઈપણ પ્રકારનો વાંધો રજૂ કરવામાં આવેલ નથી, જેથી સંબંધિત કચેરીઓને કોઈ વાંધો નથી તેમ માનવાનું રહે છે, તેમજ ભવિષ્યમાં આ અંગે કોઈ વાંધો કે તકરાર ઉપસ્થિત થશે તો તે અંગેની સઘળી જવાબદારી સંબંધિત કચેરીને રહેશે.

આમુખ–(૧૦) ના હુકમથી મોજે.**વાવોલ**, તા.જિ.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.**૮૪૫/૧ (એફ.પી. નં.૧૯૭/૧)** ની **ક્ષે.૧,૨૦૬ ચો.મી.** જમીન પૈકી **ક્ષે.૮૮૬ ચો.મી.** જમીનમાં **રહેણાંક** તથા **ક્ષે.૩૨૦ ચો.મી.** જમીનમાં **વાણીજય** હેતુ માટે પ્રિમિયમના નાણાં વસુલ લઈ હેતુફેર કરવા પરવાનગી આપેલ છે.

માંગણીવાળી જમીનમાં **રહેણાંક તથા વાણીજય**ના હેતુ માટે બીનખેતીની મંજુરી આપતા પહેલા **આમુખ–૧૪, ૧૫ તથા ૧૬** ની જોગવાઈઓ અનુસાર **રહેણાંક તથા વાણીજય**ના હેતુ માટે રૂપાંતર કર દર ચો.મી.ના **₹.૮.૦૦** લેખે (રહેણાંક ક્ષે.૮૮૬ ચો.મી. × **₹.૮.૦૦**) **₹.૭,૦૮૮/–** (અંકે રૂપિયા **સાત હજાર ઈઠયાસી** પુરા) તથા (વાણીજય ક્ષે.૩૨૦ ચો.મી. × **₹.૮.૦૦**) **₹.૨,૫૬૦/–** (અંકે રૂપિયા **બે હજાર પાંચસો સાહીઠ** પુરા) તેમજ સવાલવાળી જમીનમાં બીનપરવાની બાંધકામ બદલ કલમ–૬૬ હેઠળ દંડની રકમ (ક્ષે.૧,૨૦૬ ચો.મી. × ૧૦ પટ × **₹.૦.૬૦**) **₹.૭,૨૩૬/–** (અંકે રૂપિયા **સાત હજાર બસો છત્રીસ** પુરા) મળી કુલ **₹.૧૬,૮૮૪/–** (અંકે રૂપિયા **સોળ હજાર આઠસો ચોર્યાસી** પુરા) સરકારશ્રીમાં જમા કરાવવા જણાવતાં અરજદારે **આમુખ–૧૭** મુજબ આ રકમ **ચલન નં.૩૬૩, ૩૬૪, ૩૬૫/૨૦૧૮–૧૯, તા.૨૯.૧૧.૨૦૧૮** થી સરકારશ્રીમાં જમા કરાવી જાણ કરેલ, જે રકમ સરકારશ્રીમાં ભરપાઈ થયા અંગે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગરએ **આમુખ–૧૮** થી મેળવણું કરી અસલ ચલણ અત્રે પરત કરેલ છે. વધુમાં, ચલણ નં.**૧૦૩૫/૨૦૧૭–૧૮, તા.૨૧.૦૩.૨૦૧૮** થી **₹.૧,૮૦૦/–** (અંકે રૂપિયા **એક હજાર આઠસો** પુરા) માપણી ફીના નાણાં સરકારશ્રીમાં જમા કરાવી ચલન રજૂ કરેલ છે તથા **વર્ષ ૧–૮–૧૮ થી ૩૧–૭–૨૦** સુધીના જમીન મહેસુલ, શિક્ષણ ઉપકર તથા લોકલફંડના નાણાં **₹.૨,૬૬૬/– (અંકે રૂપિયા બે હજાર છસો છાસઠ પુરા)** સરકારશ્રીમાં જમા થયા અંગેની તલાટી કમ મંત્રીશ્રી, **વાવોલ**ની **તા.૦૧.૧૨.૨૦૧૮** ની **પહોંચ નં.૭૫, ૩૦, ૬૩** રજુ કરેલ છે.

મોજે.**વાવોલ**, તા.જિ.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.**૮૪૫/૧ (એફ.પી. નં.૧૯૭/૧)** ની **ક્ષે.૧,૨૦૬ ચો.મી.** જમીન પૈકી **ક્ષે.૮૮૬ ચો.મી.** જમીનમાં **રહેણાંક** તથા **ક્ષે.૩૨૦ ચો.મી.** જમીનમાં **વાણીજય** હેતુ માટે જી.ડી.સી.આર.ના નિયમ મુજબ મળવાપાત્ર બાંધકામ કરવાની શરતે આનુસાંગિક **રહેણાંક તથા વાણીજય**ના હેતુ માટે ખેતી સિવાયનો ઉપયોગ કરવા જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ હેઠળ નીચેની શરતોને આધીન બીનખેતીની મંજૂરી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

<u>શ ર તો ::</u>

(૧) જમીન મહેસુલ સંહિતાની કલમ–૬૭(ક) મુજબ પ્રશ્નવાળી જમીનમાં બીનખેતીના કામે રૂપાંતર કર વસુલ કરવામાં આવેલ હોય, તે સિવાય વસુલ લેવાનો થતો બિનખેતી આકારની રકમ તેમજ અન્ય કોઈ વેરા લેવાના થતા હોય તો, તેની રકમ તથા તે ઉપરના કર વેરાઓની રકમ મંજૂરી આપ્યાની તારીખથી ૧૫ દિવસમાં ભરપાઈ કરવાની રહેશે, તેમજ આ કર વેરાઓ વર્ષની શરૂઆતમાં ભરવાના રહેશે. મોજે.**વાવોલ**, તા.જી.ગાંધીનગરનો **આમુખ–૧૫** મુજબ વર્ગ–એ ના વિસ્તારમાં સમાવેશ થતો હોઈ, વિશેષધારો (બીનખેતી આકાર) નીચે પ્રમાણે નકકી કરવામાં આવે છે. આ વિશેષધારો સરકારશ્રીની વખતો વખત સૂચનાઓ અનુસાર ફેરફારને પાત્ર રહેશે.

બીનખેતી પરવાનગી આપેલ જમીનનો સર્વે નંબર, ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ	બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી.	લેવાપાત્ર વાર્ષિક બીનખેતી આકારનો દર, બીનખેતી ઉપયોગનો પ્રકાર વગેરે	વસુલ કરવાના વાર્ષિક બીનખેતી આકારની રકમ ₹.	વસુલ લીધેલ રૂપાંતર વેરાની રકમ ₹.	શિક્ષણ વેરો લેવાનો થતો હોય તો તેની રકમ ₹.	અન્ય કોઈ લેવાનો થતો હોય તો તેની રકમ લોકલ ફંડ ₹.	કોલમ ૪, ૬, ૭ ના વેરા તા.૧.૮.૧૮ થી તા.૩૧.૭.૨૦ સુધી વસુલ લીધેલ રકમ ₹.
૧	૨	૩	૪	૫	૬	૭	૮
મોજે.**વાવોલ**, તા.જિ.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.**૮૪૫/૧ (એફ.પી. નં.૧૯૭/૧)** ની **ક્ષે.૧,૨૦૬ ચો.મી.** જમીન પૈકી	**૮૮૬ (આઠસો છયાસી)**	**રહેણાંક**ના હેતુ માટે દર ચો.મી.ના **₹. ૦.૨૫** પૈસા પ્રમાણે	**₹.૨૨૨/-** (અંકે રૂપિયા **બસો બાવીસ** પુરા)	**₹.૭,૦૮૮/-** (અંકે રૂપિયા **સાત હજાર ઈઠયાસી** પુરા)	નિયમ મુજબ	નિયમ મુજબ	**₹.૨,૬૬૬/-** (અંકે રૂપિયા **બે હજાર છસો છાસઠ** પુરા)
	૩૨૦ (ત્રણસો વીસ)	**વાણીજય**ના હેતુ માટે દર ચો.મી.ના **₹. ૦.૬૦** પૈસા પ્રમાણે	**₹.૧૯૨/-** (અંકે રૂપિયા **એકસો બાણું** પુરા)	**₹.૨,૫૬૦/-** (અંકે રૂપિયા **બે હજાર પાંચસો સાહીઠ** પુરા)			

(૨) આ કામે રજૂ કરેલ સુચિત પ્લાન મુજબના પ્લાન ત્રણ માસમાં સીનીયર નિયોજકશ્રી, **ગાંધીનગર** શહેરી વિકાસ સત્તા મંડળ પાસેથી મંજૂર કરાવી તેમજ વિકાસ પરવાનગી મેળવી લેવાની રહેશે અને તેની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સવાલવાળી જમીનની જે હેતુ માટે બિનખેતી પરવાનગી આપવામાં આવેલ છે, તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

(૩) શહેરી વિકાસ સત્તા મંડળના જી.ડી.સી.આર. અને ઝોનીંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે અને મળવાપાત્ર ક્ષેત્રફળ પુરતુ બાંધકામ કરી બાકીની જમીન ખુલ્લી રાખવાની રહેશે.

(૪) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે-આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવવાના રહેશે.

(૫) બાંધકામ શરૂ કરવામાં આવે અને અપીલની મુદત પુરી થાય કે એક વર્ષમાં, તુરત જ જમીન મહેસુલ નિયમોના નિયમ-૮૭ મુજબ નિયત નમુનામાં સનદો અરજદારે મામલતદાર સમક્ષ રજુ કરવાની રહેશે.

(૬) બાંધકામ શરૂ કરતાં પહેલાં બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે.

(૭) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દૃષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૮) બાંધકામ શરૂ કરતાં પહેલા સ્થાનિક નગરપાલિકાની રજા મેળવી, સ્થાનિક નગરપાલિકા/ગ્રામ પંચાયતના અમલમાં હોય તેવા બિલ્ડીગ રેગ્યુલેશન નિયમોને અનુરુપ બાંધકામ કરવાનું રહેશે.

(૯) આ પરવાનગીની તારીખથી છ માસમાં મંજુર કરેલ પ્લાન મુજબનું બાંધકામ શરુ કરી ૩ વર્ષમાં તે તમામ બાંધકામ પુરું કરવાનું રહેશે.

(૧૦) સદર જમીનમાં કરવામાં આવનાર બાંધકામમાં **રહેણાંક તથા વાણીજય** હેતુ માટે ઉપયોગ કરનાર લોકો માટે કબજેદારોએ આ યોજનામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા અંગેની જોગવાઈ કરવાની રહેશે. ડ્રેનેજ લે આઉટ તેમજ સેપ્ટીક ટેંક તથા ચોકવેલ સાઈઝ અને સંખ્યા નેશનલ બિલ્ડીગ કોડ મુજબ રાખવાની રહેશે.

(૧૧) સહિયારો કોમન પ્લોટ અને રસ્તાની જમીનની સહીયારી માલીકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડર તથા વાણીજય એકમ ધારણ કરનારની સહીયારી માલીકીની ગણાશે અને તે ઉપરનો કોઈનો વ્યકિતગત હકક રહેશે નહી, તેમજ સાર્વજનિક ઉપયોગ હોય તો પણ આ કોમન પ્લોટમાં કોઈ બાંધકામ કરી શકાશે નહી. રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરાજીથી,બક્ષિસથી કે અન્ય કોઈ રીતે વેચાણ કે તબદીલી થઈ શકશે

નહી. રસ્તા અને કોમન પ્લોટના ઉપયોગમાં સોસાયટીના રહીશો તથા વાણીજય એકમ ધારણ કરનારએ સહીયારો ઉપયોગ કરવાનો રહેશે.

(૧૨) કોમન પ્લોટ તથા રસ્તાની કે અન્ય ખુલ્લી જમીન ઉપર અનઅધિકૃત બાંધકામ કરી શકાશે નહી. કોમન પ્લોટનું હરાજી કે અન્ય રીતે વેચાણ થઈ શકશે નહી તેમજ આ જમીનોની આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકોના સુઃખાકારી હકકોને નુકશાન થાય તેવો ઉપયોગ કરી શકાશે નહી.

(૧૩) ભૂકંપપ્રુફ બાંધકામની ડીઝાઈન માટે સરકાર માન્ય એજન્સીની સલાહ ફરજીયાતપણે લેવાની રહેશે અને આ સલાહ જમીન ધારક માટે ફરજીયાતપણે બંધનકર્તા રહેશે. મંજુર થયેલ ભૂકંપપ્રુફ ડીઝાઈનો જ ઉપયોગ થાય તે ખાસ જોવાનું રહેશે.

(૧૪) સાર્વજનિક પ્લોટ/રસ્તા સહીતની જમીનો બીનખેતીનો આકાર પ્લોટ વેચાણ કરવામાં આવે ત્યાં સુધી મુળ ખાતેદારો અને પ્લોટ વેચાણ થયેથી તમામ પ્લોટ હોલ્ડર્સએ પ્રમાણસર કરવાનો રહેશે.

(૧૫) આ જમીનમાં પ્લોટોની હદ, આંતરીક રસ્તાઓ ઉપર કોમન પ્લોટમાં કોઈને અંતરાયરૂપ ન થાય તે રીતે યોગ્ય સ્થળોમાં વૃક્ષારોપણ કરી ઝાડ ઉછેરવાના રહેશે.

(૧૬) જમીન પરનુ બાંધકામ રેખા નિયંત્રણ નિયમોની જોગવાઈ પ્રમાણે કરવાનુ રહેશે અને આનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

(૧૭) સોસાયટીના રહીશો તથા વાણીજય હેતુ માટે આંતરીક રસ્તાઓ પેવર અને ડામરથી તૈયાર કરવાના રહેશે તેમજ વીજળીની પુરતી વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૮) બાંધકામમાં ઝડપથી સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થો વાપરવા નહી.

(૧૯) વરસાદી પાણીના ભુગર્ભ વહન માટે દર મકાન /બહુમાળી મકાન (ઔડા/ગુડાએ મંજુરી આપ્યા મુજબ) દીઠ એકના દરે પરકોલેટીગ બોરવેલ ની વ્યવસ્થા અચુક કરવાની રહેશે.

(૨૦) નામદાર ગુજરાત હાઈકોર્ટએ તળાવ/તલાવડીઓ અને વોટર બોડીઝ અંગે સ્પે.સી. એ. નં.૧૦૬૨૧/૨૦૦૦ અને આનુષાંગિક ખાસ દિવાની અને દિવાની અરજીઓમાં તા.૨.૮.૨૦૦૨ થી આપેલ ઓરલ જજમેન્ટ મુજબ અમલ કરવાનો રહેશે.

(૨૧) અરજદારે અર્બન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચેનું અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી રહેશે.

(૨૨) સદર જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૨૩) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૨૪) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૨૫) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ના ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉચાઈ તથા એરોડ્રામની દૃષ્ટિએ જરૂરી એવું "નાવાંધા પ્રમાણપત્ર" સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૬) સરકારશ્રી મહેસુલ વિભાગના તા.૧૯.૦૨.૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક (પાર્ટ–૨) થી ઠરાવ્યા મુજબ "ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી બાંધકામ કરવાની મર્યાદા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેરનામાથી વખતોવખત બહાર પાડવામાં આવે તેટલી ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે."

(૨૭) જનરલ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી., અવની ભવન, ચાંદખેડા, અમદાવાદના પત્ર ક્રમાંક : એએમડી/એલએકયુ/ઓએનજીસી/એનઓસી/૨૦૧૬/૭૨૭૬૮૧, તા.૨૫.૦૮.૨૦૧૬ થી આપેલ સુચના મુજબ, ઓ.એન.જી.સી.ની હયાત પાઈપ લાઈનથી ઓછામાં ઓછુ ૧૫ મીટર નું અંતર તથા ઈન્સ્ટોલેશન પ્લાન્ટથી ૬૦ મીટર નું અંતર તથા વેલ હેડ ફેર પોઈન્ટના પરિધથી ઓછામાં ઓછુ ૯૦ મીટર નું અંતર છોડવાનું રહેશે.

(૨૮) નર્મદા કેનાલ / અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતા અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૯) અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૩૦) અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતા અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૩૧) અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે તેમજ અરજદારે પર્યાવરણને લગતી પૂર્વ પરવાનગી મેળવવાની થતી હોય તો તે અંગે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવવાની રહેશે અને તે મુજબ પાલન કરવાનું રહેશે.

(૩૨) અરજદારે વરસાદ પાણીના નિકાલ માટે સ્વખર્ચે નાળાની વ્યવસ્થા કરવાની રહેશે અને એપ્રોચ રોડ માટેની સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી પરવાનગી મેળવી લેવાની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૩૩) આ હુકમથી જે સર્વે નંબરોની જમીનો જે કબજેદારના નામે બીનખેતીની મંજૂરી આપેલ છે તે જમીનોના કબજેદારો તેમના ખાતે જે જમીનો હશે તે જમીન પુરતો જ વહીવટ કરી શકશે અને આ હુકમની શરતો પૈકી કોઈપણ શરતના ભંગ બદલ આ જમીનોના કબજેદારો વ્યકિતગત તેમજ સંયુકત રીતે મંજૂરી મુજબની તમામ જમીન માટેની જવાબદારી સામુહિક રહેશે.

(૩૪) આ હુકમમાં અગર સનદમાં કોઈ કારકુની અથવા ગણતરીની ભૂલો હશે તો તેમાં સુધારો થઈ શકશે/સુધારાપાત્ર રહેશે તથા આ સુધારો અરજદારને બંધનકર્તા રહેશે.

(૩૫) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧.૭.૦૮ ના ઠરાવ ક્રમાંક:બખપ/૧૦૦૬/૪૨૫/ક ના પરિશિષ્ટમાં ઉલ્લેખેલ (૧) થી (૧૯) તમામ તમામ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. અરજદારે પરિશિષ્ટ–૪ ની શરતોને આધીન આ મંજૂરી આપવામાં આવે છે. અરજદારે પરિશિષ્ટ–૪ માં ઉલ્લેખાયેલ તમામ શરતોનું પાલન કરવાનું રહેશે. જો અરજદાર પરિશિષ્ટ–૪ પૈકીની કોઈપણ શરતનો ભંગ કરશે તો તેની સામે શરતભંગની કાર્યવાહી કરવામાં આવશે. ઉકત પરિશિષ્ટ–૪ ની નકલ સદરહુ હુકમ સાથે સામેલ છે.

(૩૬) આ પરવાનગી અરજદારે રજૂ કરેલ વિગતોને આધારે આપવામાં આવેલ છે. રજૂ થયેલ કોઈ વિગત ખોટી હોવાનું જાહેર થયેથી કે ઉપરની નિર્દિષ્ટ કોઈપણ શરતોનો ભંગ થયેથી અંતર્ગત કલમ–૭૯(એ) હેઠળ પગલાં લેવાને પાત્ર રહેશે અને તત્કાલ અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદાની જોગવાઈઓના બાધ વિના ઈન્ડીયન પીનલ કોડ હેઠળ કબજેદારો ફોજદારી ગુન્હા માટે શિક્ષાત્મક પગલાં લેવાને પાત્ર બનશે તથા જમીન મહેસુલ કાયદા ૧૮૭૯ ની કલમ–૬૬ તથા મુંબઈ જમીન મહેસુલ નિયમો–૧૯૭૨ ના નિયમોના નિયમ ૧૦૦ અનુસાર યોગ્ય તે દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને બાંધકામ દૂર કરાવવા સહિતના એક કે વધુ પગલાં લેવામાં આવશે.

(૩૭) સવાલવાળી જમીનમાં **આમુખ–(૧૦)** ના હુકમથી બિનખેતીના હેતુ માટે શરતફેર કરવા અંગેના હુકમ કરેલ છે. તે અરજદારને બંધનકર્તા રહેશે.

(૩૮) સરકારશ્રી મહેસુલ વિભાગના તા.૪.૭.૦૮, તા.૧૭.૯.૦૯ તથા તા.૧૭.૨.૧૨ ના ઠરાવની જોગવાઈ મુજબ સવાલવાળી જમીનનો જે તે હેતુ માટે જ ઉપયોગ કરી શકાશે અને સરકારશ્રીના નીતિ નિયમ મુજબ કોઈ સંજોગોમાં હેતુફેર થવાથી જે તે સમયની બજાર કિંમત મુજબ પ્રિમિયમ તફાવતની રકમ ભરપાઈ કરવાની રહેશે તેમજ સરકારશ્રીના વખતો વખતના પરિપત્ર, ઠરાવો, જોગવાઈઓ બંધનકર્તા રહેશે.

(૩૯) સદર જમીનમાં શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા નકશા મંજુર કરતાં, પહેલાં ચીફ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી. અવની ભવન, ચાંદખેડા,અમદાવાદ પાસેથી પરવાનગી મેળવવાની રહેશે.

(૪૦) અરજદારશ્રીએ છ માસમાં સક્ષમ ઓથોરીટી (ઔડા/ગુડા) પાસે બીનખેતી લે–આઉટ પ્લાન મંજુર કરાવવાનો રહેશે અને તેની એક નકલ તરત જ જિલ્લા જમીન દફતર નિરીક્ષકશ્રી (ડી.આઈ.એલ.આર.)ને મોકલી આપવાની રહેશે.

(૪૧) ડી.આઈ.એલ.આર.શ્રી ગાંધીનગરની કચેરીને અરજદારશ્રી ધ્વારા છ–માસમાં લે–આઉટ પ્લાનની નકલ રજુ કરવામાં ન આવે તો ડી.આઈ.એલ.આર.કચેરીએ અત્રેની કચેરીને શરતભંગની કાર્યવાહી કરવા જાણ કરવાની રહેશે.

(૪૨) ભવિષ્યમાં સદર જમીનના ઝોનીગ તેમજ ડી.પી./ટી.પી.અથવા રોડની મહત્તમ કપાતના કારણસર ક્ષેત્રફળમાં હાલ અરજદારે રજૂ કરેલ લે–આઉટની સાપેક્ષે જો ફેરફાર/વધઘટ થાય તો તે મુજબ અમલ કરવાનો રહેશે તથા બંધનકર્તા રહેશે.

(૪૩) અરજદારે ઉપરની સૂચનાઓ/શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં કોઈપણ શરત કે શરતોના ભંગ થશે તો આ પરવાનગી રદ કરવામાં આવશે, આ ઉપરાંત જમીન મહેસુલ કાયદા તથા અન્ય લાગુ પડતા કાયદા, નિયમો અન્વયે શિક્ષાત્મક પગલાં લઈ શકાશે, તેમજ જમીનનો કબજો ચાલુ રાખવા માટે આકાર તથા દંડની રકમ જે જણાવવામાં આવે, તે ભરવાની જવાબદારી સંબંધિત કબજેદારની રહેશે.

રવાના કરવા પ્રમાણિત કર્યુ

(કે.ટી. ~~Vasita~~)
ચિટનીશ ટુ કલેકટર
ગાંધીનગર

સહી/–
(એસ.કે.લાંગા)
કલેકટર,ગાંધીનગર

રજી.પો.એ.ડી.થી
પ્રતિ,
શ્રી નિસર્ગ ઈશ્વરભાઈ પટેલ,
રહે.વાવોલ, તા.જી.ગાંધીનગર

નકલ સવિનય રવાના:–

❖ નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના:–

૧. સિનિયર નગર નિયોજકશ્રી, **ગાંધીનગર** શહેરી વિકાસ સત્તા મંડળ,ઉદ્યોગ ભવન, સેકટર–૧૧, ગાંધીનગર તરફ જાણ તથા ઓ.એન.જી.સી. અવની ભવનનું ના–વાંધા પ્રમાણપત્ર મેળવીને નકશા મંજુર કરવા સારૂ.
૨. પ્રાંત અધિકારીશ્રી, **ગાંધીનગર.**
૩. નાયબ કલેકટરશ્રી, (જ.સુ.) અપીલ, ગાંધીનગર
૪. નાયબ કલેકટરશ્રી, (જ.સુ.) ગણોત શાખા, ગાંધીનગર તરફ આમુખ–(૧૦)ના હુકમ અંગે આપના તા.૨૧.૦૭.૨૦૧૮ ના પત્ર ક્રમાંક : સીબી/ગણોત/વશી.૫૪૮૪/૨૦૧૮ થી રજુ થયેલ અસલ પ્રકરણ પરત કરવા સારૂ.
૫. ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ગાંધીનગર.
૬. ચીફ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી., અવની ભવન, ચાંદખેડા, અમદાવાદ તરફ જાણ તેમજ આપના તા.૨૫.૦૮.૨૦૧૬ ના પત્રમાં જણાવેલ વિગતે ખાત્રી કરી (ગુડા/ઔડાને) નકશા મંજુર કરવા એન.ઓ.સી. આપવા સારૂ.
૭. નાયબ કલે. અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ઓ.એન.જી.સી., અમદાવાદ
૮. મામલતદારશ્રી, **ગાંધીનગર** તરફ ગામ દફતરે જરુરી નોંધ કરવા તથા સનંદો અંગે ઘટીત કાર્યવાહી કરવા સારું.
૯. મામલતદાર અને કૃષિપંચશ્રી, **ગાંધીનગર.**
૧૦. ડી.આઈ.એલ.આર.શ્રી, ગાંધીનગર તરફ જાણ તેમજ અરજદારશ્રી ધ્વારા છ–માસમાં સક્ષમ અધિકારીશ્રી (ઔડા/ગુડા) ના મંજુર કરાવેલ નકશાની નકલ રજુ ન થાય તો શરતભંગની કાર્યવાહી કરવા અત્રે રીપોર્ટ કરવા સારૂ.
૧૧. નાયબ મામલતદારશ્રી (ઈ–ધરા), મામલતદાર કચેરી, **ગાંધીનગર** તરફ ગામ દફતરે નોંધ કરવા અને તેની નકલ અત્રે મોકલવા સારૂ.
૧૨. તલાટી કમ મંત્રીશ્રી, **વાવોલ**, તા. જી.ગાંધીનગર તરફ જાણ તથા જરુરી કાર્યવાહી સારું.
૧૩. સિલેકટ ફાઈલ.

નં. સીબી/જમીન/બી.ખે./એસ.આર./૩૨/૧૭/વશી.૨૮૦૫૭ થી ૨૮૦૭૦/૨૦૧૭

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની
કચેરી, ગાંધીનગર.
તારીખઃ–૨૭/૧૧/૨૦૧૭

વંચાણમાં લીધાઃ–

(૧) અરજદારશ્રી **પશાભાઈ ડાહયાભાઈ પટેલ, રહે.વાવોલ, તા.જિ.ગાંધીનગરની તા.૧૮.૦૪.૨૦૧૭ તથા તા.૨૧.૦૭.૨૦૧૭ ની અરજી.**

(૨) મામલતદાર અને કૃષિપંચશ્રી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **મામ/ગણોત/એસ.આર.૧૨૪/૨૦૧૭, તા.૨૭.૦૪.૨૦૧૭**

(૩) જમીન–૨ (આર.ટી.એસ.) દફતરનો પત્ર ક્રમાંક : **સીબી/જમીન–૨/એસ.આર.૨૧૧/૨૦૧૭, તા.૧૦.૦૫.૨૦૧૭**

(૪) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **એલએકયુ/ગાંધીનગર/એસ.આર.૧૨૦/વશી.૭૮૩/૨૦૧૭, તા.૧૬.૦૫.૨૦૧૭**

(૫) ડીસ્ટીકટ ઈન્સ્પેકટરશ્રી, લેન્ડ રેકર્ડઝ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **રે.કી./વશી.૨૫૧/વાવોલ/૮૪૬/૨૦૧૭, તા.૦૩.૦૬.૨૦૧૭**

(૬) નાયબ કલેકટરશ્રી, જ.સુ. અપીલ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **જ.સુ./અપીલ/એનએ/એસઆર/૧૧૭/૧૭/વશી.૧૬૧૨/૨૦૧૭, તા.૧૨.૦૫.૨૦૧૭**

(૭) મામલતદારશ્રી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **મામ/જમીન/એસ.આર.૬૪/૧૭/વશી.૨૭૨૨/૨૦૧૭, તા.૨૬.૦૫.૨૦૧૭**

(૮) જુનીયર નગર નિયોજકશ્રી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **ગુડા/તાંત્રિક/૨૮૫૯/૨૦૧૭, તા.૧૨.૦૬.૨૦૧૭**

(૯) નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, (ઓ.એન.જી.સી.) અમદાવાદનો પત્ર ક્રમાંક : **એલએકયુ/અભિપ્રાય/એસ.આર.૧૬૮૫/જા.નં.૮૨૬/૨૦૧૭, તા.૨૨.૦૬.૨૦૧૭**

(૧૦) પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **પીઓ/જમીન/એસ.આર.૯૮/વશી.૮૮૮૧/૨૦૧૭ તા.૦૩.૦૭.૨૦૧૭**

(૧૧) કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ–૨, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **સીબી–૧/૩૦૧૦/સને.૨૦૧૭, તા.૨૧.૦૯.૨૦૧૭**

(૧૨) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧.૭.૨૦૦૮ નાં ઠરાવ નં.બખપ/૧૦૦૬/૪૨૫/ક.

(૧૩) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧૦.૭.૨૦૦૮ ના ઠરાવ નં.બખપ/૧૦૦૬/૪૨૫/ક.

(૧૪) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૫.૭.૯૩ ના પરિપત્ર નં.એલઆરસી/૧૦૯૩/ ૯૨૮/ક તથા તા.૨૨.૪.૦૩ ના પરિપત્ર ક્રમાંકઃએલઆરસી/૧૦/૨૦૦૨/૧૬૪૦/ક.

(૧૫) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃકેવી/૭૩/ઓએફ/૯૪/એનપીએસ/૪૫૯૩/૩૫૯૪/એમ, તા.૧૪.૪.૯૪

(૧૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃજિપં/જમન/બિ.ખે.દ/વશી.૨૭૩૭–૫૫/૦૪, તા.૧૯.૮.૨૦૦૪.

(૧૭) મુંબઈ જમીન મહેસુલ કાયદો–૧૮૭૯ અને ગુજરાત જમીન મહેસુલ નિયમો–૧૯૭૨.

(૧૮) **અરજદારશ્રીની તા.૧૭.૧૦.૨૦૧૭ ની અરજી** તથા તે સાથેના ચલણ/પાવતી.

(૧૯) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : **તજર/ગાંધી/બુક/વેરીફીકેશન/૧૧/૨૦૧૭/ ૩૮૦૦, ૩૮૫૪, તા.૦૨.૧૧.૨૦૧૭ તથા તા.૦૬.૧૧.૨૦૧૭ નો પત્ર.**

:: હુ ક મ ::

મોજે.વાવોલ, તા.જિ.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૮૪૬ **(એફ.પી. નં.૧૯૮)** ની ક્ષે.૨,૧૬૫ ચો.મી. જમીનમાં **રહેણાંક તથા વાણીજયના** હેતુ માટે અરજદારે **આમુખ–૧** ની અરજીથી બીનખેતી મંજુરી માંગેલ છે. આ કામે **આમુખ–૧૨, ૧૩ તથા ૧૪** ની જોગવાઈઓ અનુસાર સંબંધિત કચેરી/અધિકારીઓના અભિપ્રાયો માંગેલ જે **આમુખ–૨ થી ૧૧** મુજબ હકારાત્મક અભિપ્રાયો મળેલ છે. જયારે નીચેની કચેરીઓના અભિપ્રાય સમય મર્યાદામાં મળેલ નથી.

બીનખેતી પરવાનો આપેલ જમીનનો નંબર, ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ

(૧) જનરલ મેનેજરશ્રી, એલ.એ.કયુ. વિભાગ, ઓ.એન.જી.સી. અવની ભવન, અમદાવાદ.

સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧.૭.૦૮ ના ઠરાવ ક્રમાંકઃબખપ–૧૦૦૬– ૪૨૫–ક ની જોગવાઈઓ અનુસાર જે કચેરીઓ ધ્વારા નોટીસ ઈસ્યુ થયા તારીખથી ૨૧ દિવસમાં કોઈ અભિપ્રાય રજૂ કરેલ નથી, તેમજ ૨૧ દિવસનો સમય પૂર્ણ થયેલ હોવા છતાં કોઈપણ પ્રકારનો વાંધો રજૂ કરવામાં આવેલ નથી, જેથી સંબંધિત કચેરીઓને કોઈ વાંધો નથી તેમ માનવાનું રહે છે, તેમજ ભવિષ્યમાં આ અંગે કોઈ વાંધો કે તકરાર ઉપસ્થિત થશે તો તે અંગેની સઘળી જવાબદારી સંબંધિત કચેરીને રહેશે.

માંગણીવાળી જમીનમાં **રહેણાંક તથા વાણીજય**ના હેતુ માટે બીનખેતીની મંજુરી આપતા પહેલા **આમુખ–૧૫, ૧૬ તથા ૧૭** ની જોગવાઈઓ અનુસાર **રહેણાંક તથા વાણીજય**ના હેતુ માટે **રૂપાંતર કર દર ચો.મી.ના ₹.૬.૦૦ લેખે** (ક્ષે.૨,૧૬૫ ચો.મી. × ₹.૬.૦૦) ₹.૧૨,૯૯૦/– (અંકે રૂપિયા **બાર હજાર નવસો નેવું** પુરા) તથા રોડ રસ્તા ડીપોઝીટ ₹.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) મળી કુલ ₹.૧૩,૯૯૦/– (અંકે રૂપિયા **તેર હજાર નવસો નેવું** પુરા) સરકારશ્રીમાં જમા કરાવવા જણાવતાં અરજદારે **આમુખ–૧૮** મુજબ આ રકમ **ચલન નં.૧૨૪, ૧૨૫/૨૦૧૭–૧૮, તા.૧૬.૧૦.૨૦૧૭** થી સરકારશ્રીમાં જમા કરાવી જાણ કરેલ, જે રકમ સરકારશ્રીમાં ભરપાઈ થયા અંગે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગરએ **આમુખ–૧૯** થી મેળવણું કરી અસલ ચલણ અત્રે પરત કરેલ છે. વધુમાં **ચલન નં.૨૮/૨૦૧૭–૧૮, તા.૧૧.૦૪.૨૦૧૭** થી ₹.૧,૮૦૦/– (અંકે રૂપિયા **એક હજાર આઠસો** પુરા) માપણી ફીના નાણાં સરકારશ્રીમાં જમા કરાવી ચલન રજૂ કરેલ છે તથા વર્ષ ૧–૮–૧૭ થી ૩૧–૭–૧૯ સુધીના જમીન મહેસુલ, શિક્ષણ ઉપકર તથા લોકલફંડના નાણાં ₹.૮,૪૪૪/– **(અંકે રૂપિયા આઠ હજાર ચારસો ચુવાલીસ પુરા)** સરકારશ્રીમાં જમા થયા અંગેની તલાટી કમ મંત્રીશ્રી, **વાવોલ**ની **તા.૧૭.૧૦.૨૦૧૭** ની **પહોંચ નં.૪૮, ૯૨, ૧૨૧** રજુ કરેલ છે.

મોજે.**વાવોલ**, તા.જિ.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૮૪૬ **(એફ.પી. નં.૧૯૮)** ની **ક્ષે.૨,૧૬૫ ચો.મી.** જમીનમાં જી.ડી.સી.આર.ના નિયમ મુજબ મળવાપાત્ર બાંધકામ કરવાની શરતે, આનુસાંગિક **રહેણાંક તથા વાણીજય**ના હેતુ માટે ખેતી સિવાયનો ઉપયોગ કરવા જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ હેઠળ નીચેની શરતોને આધીન બીનખેતીની મંજૂરી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

<u>શ ર તો ::</u>

(૧) જમીન મહેસુલ સંહિતાની કલમ–૬૭(ક) મુજબ પ્રશ્નવાળી જમીનમાં બીનખેતીના કામે રૂપાંતર કર વસુલ કરવામાં આવેલ હોય, તે સિવાય વસુલ લેવાનો થતો બિનખેતી આકારની રકમ તેમજ અન્ય કોઈ વેરા લેવાના થતા હોય તો, તેની રકમ તથા તે ઉપરના કર વેરાઓની રકમ મંજૂરી આપ્યાની તારીખથી ૧૫ દિવસમાં ભરપાઈ કરવાની રહેશે, તેમજ આ કર વેરાઓ વર્ષની શરૂઆતમાં ભરવાના રહેશે. મોજે.**વાવોલ**, તા.જી.ગાંધીનગરનો **આમુખ–૧૬** મુજબ વર્ગ–એ ના વિસ્તારમાં સમાવેશ થતો હોઈ, વિશેષધારો (બીનખેતી આકાર) નીચે પ્રમાણે નકકી કરવામાં આવે છે. આ વિશેષધારો સરકારશ્રીની વખતો વખત સૂચનાઓ અનુસાર ફેરફારને પાત્ર રહેશે.

બીનખેતી પરવાનગી આપેલ જમીનનો સર્વે નંબર, ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ	બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી.	લેવાપાત્ર વાર્ષિક બીનખેતી આકારનો દર, બીનખેતી ઉપયોગનો પ્રકાર વગેરે	વસુલ કરવાના વાર્ષિક બીનખેતી આકારની રકમ ₹.	વસુલ લીધેલ રૂપાંતર વેરાની રકમ ₹.	શિક્ષણ વેરો લેવાનો થતો હોય તો તેની રકમ ₹.	અન્ય કોઈ લેવાનો થતો હોય તો તેની રકમ લોકલ ફંડ ₹.	કોલમ ૪, ૬, ૭ ના વેરા તા.૧.૮.૧૭ થી તા.૩૧.૭.૧૯ સુધી વસુલ લીધેલ રકમ ₹.
૧	૨	૩	૪	૫	૬	૭	૮
મોજે.વાવોલ, તા.જિ.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૮૪૬ (એફ.પી. નં.૧૯૮) ની ક્ષે.૨,૧૬૫ ચો.મી.	૨,૧૬૫ (બે હજાર એકસો પાંસઠ)	રહેણાંક તથા વાણીજયના હેતુ માટે દર ચો.મી.ના ₹. ૦.૬૦ પૈસા પ્રમાણે	₹.૧,૨૯૯/- (અંકે રૂપિયા એક હજાર બસો નવ્વાણું પુરા)	₹.૧૨,૯૯૦/- (અંકે રૂપિયા બાર હજાર નવસો નેવું પુરા)	નિયમ મુજબ	નિયમ મુજબ	₹.૮,૪૪૪/- (અંકે રૂપિયા આઠ હજાર ચારસો ચુવાલીસ પુરા)

(૨) આ કામે રજૂ કરેલ સુચિત પ્લાન મુજબના પ્લાન ત્રણ માસમાં સીનીયર નિયોજકશ્રી, **ગાંધીનગર** શહેરી વિકાસ સત્તા મંડળ પાસેથી મંજૂર કરાવી તેમજ વિકાસ પરવાનગી મેળવી લેવાની રહેશે અને તેની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સવાલવાળી જમીનની જે હેતુ માટે બિનખેતી પરવાનગી આપવામાં આવેલ છે, તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

(૩) શહેરી વિકાસ સત્તા મંડળ ધ્વારા ટાઉન પ્લાનીગ સ્કીમ મંજૂર કરેલ હોય તો જી.ડી.સી.આર. અને ઝોનીગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવવાના રહેશે.

(૫) બાંધકામ શરૂ કરવામાં આવે અને અપીલની મુદત પુરી થાય કે એક વર્ષમાં, તુરત જ જમીન મહેસુલ નિયમોના નિયમ–૮૭ મુજબ નિયત નમુનામાં સનદો અરજદારે મામલતદાર સમક્ષ ભરવાની રહેશે.

(૬) **બાંધકામ શરૂ કરતાં પહેલાં બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે,** પરંતુ અરજદાર બિનખેતી પરવાનગી મેળવ્યા વગર આવા બાંધકામની રજા ચિઠ્ઠી મેળવી શકશે નહી.

(૭) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દૃષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૮) બાંધકામ શરૂ કરતાં પહેલા સ્થાનિક નગરપાલિકા/ગ્રામ પંચાયતની રજા મેળવવાની રહેશે.,અને સ્થાનિક નગરપાલિકાના અમલમાં હોય તેવા બિલ્ડીગ રેગ્યુલેશન નિયમોને અનુરુપ બાંધકામ કરવાનું રહેશે.

(૯) આ પરવાનગીની તારીખથી છ માસમાં મંજુર કરેલ પ્લાન મુજબનું બાંધકામ શરુ કરી ૩ વર્ષમાં તે તમામ બાંધકામ પુરું કરવાનું રહેશે.

(૧૦) સવાલવાળી જમીનમાં બાંધવામાં આવનાર મકાનોમાં રહેણાંક કરનાર લોકો માટે કબજેદાર આ યોજનામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા અંગેની જોગવાઈ કરવાની રહેશે. ડ્રેનેજ લે આઉટ તેમજ સેપ્ટીક ટેંક તથા ચોકવેલ સાઈઝ અને સંખ્યા નેશનલ બિલ્ડીગ કોડ મુજબ રાખવાની રહેશે.

(૧૧) સહિયારો કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની સહીયારી માલીકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલીકીની ગણાશે અને તે ઉપરનો કોઈનો વ્યકિતગત હકક રહેશે નહી, તેમજ સાર્વજનિક ઉપયોગ હોય તો પણ આ કોમન પ્લોટમાં કોઈ બાંધકામ કરી શકાશે નહી. રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરાજીથી,બક્ષિસથી કે અન્ય કોઈ રીતે વેચાણ કે તબદીલી થઈ શકશે નહી. રસ્તા અને કોમન પ્લોટના ઉપયોગમાં સોસાયટીના રહીશોએ જ સહીયારો ઉપયોગ કરવાનો રહેશે.

(૧૨) કોમન પ્લોટ તથા રસ્તાની કે અન્ય ખુલ્લી જમીન ઉપર અનઅધિકૃત બાંધકામ કરી શકાશે નહી. કોમન પ્લોટનું હરાજી કે અન્ય રીતે વેચાણ થઈ શકશે નહી તેમજ આ જમીનોની આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકોના સુ:ખાકારી હકકોને નુકશાન થાય તેવો ઉપયોગ કરી શકાશે નહી.

(૧૩) ભૂકંપપ્રુફ મકાનોની ડીઝાઈન માટે સરકાર માન્ય એજન્સીની સલાહ ફરજીયાતપણે લેવાની રહેશે અને આ સલાહ જમીન ધારક માટે ફરજીયાતપણે બંધનકર્તા રહેશે. મંજુર થયેલ ભૂકંપપ્રુફ ડીઝાઈનો જ ઉપયોગ થાય તે ખાસ જોવાનું રહેશે.

(૧૪) સાર્વજનિક પ્લોટ/રસ્તા સહીતની જમીનો બીનખેતીનો આકાર પ્લોટ વેચાણ કરવામાં આવે ત્યાં સુધી મુળ ખાતેદારો અને પ્લોટ વેચાણ થયેથી તમામ પ્લોટ હોલ્ડર્સએ પ્રમાણસર કરવાનો રહેશે.

(૧૫) આ જમીનમાં પ્લોટોની હદ, આંતરીક રસ્તાઓ ઉપર કોમન પ્લોટમાં કોઈને અંતરાયરૂપ ન થાય તે રીતે યોગ્ય સ્થળોમાં વૃક્ષારોપણ કરી ઝાડ ઉછેરવાના રહેશે.

(૧૬) જમીન પરનુ બાંધકામ રેખા નિયંત્રણ નિયમોની જોગવાઈ પ્રમાણે કરવાનુ રહેશે અને આનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

(૧૭) સોસાયટીના રહીશો માટે આંતરીક રસ્તાઓ પેવર અને ડામરથી તૈયાર કરવાના રહેશે.

(૧૮) બાંધકામમાં ઝડપથી સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થો વાપરવા નહી.

(૧૯) વરસાદી પાણીના ભુગર્ભ વહન માટે દર મકાન /બહુમાળી મકાન (ઔડા/ગુડાએ મંજુરી આપ્યા મુજબ) દીઠ એકના દરે પરકોલેટીગ બોરવેલ ની વ્યવસ્થા અચુક કરવાની રહેશે.

(૨૦) નામદાર ગુજરાત હાઈકોર્ટએ તળાવ/તલાવડીઓ અને વોટર બોડીઝ અંગે સ્પે.સી. એ.નં.૧૦૬૨૧/૨૦૦૦ અને આનુષાંગિક ખાસ દિવાની અને દિવાની અરજીઓમાં તા.૨.૮.૨૦૦૨ થી આપેલ ઓરલ જજમેન્ટ મુજબ અમલ કરવાનો રહેશે.

(૨૧) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચેનું અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી રહેશે.

(૨૨) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૨૩) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૨૪) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૨૫) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ના ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દૃષ્ટિએ જરૂરી એવું "નાવાંધા પ્રમાણપત્ર" સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૬) સરકારશ્રી મહેસુલ વિભાગના તા.૧૯.૦૨.૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક (પાર્ટ–૨) થી ઠરાવ્યા મુજબ "ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી બાંધકામ કરવાની મર્યાદા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેરનામાથી વખતોવખત બહાર પાડવામાં આવે તેટલી ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે."

(૨૭) જનરલ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી., અવની ભવન, ચાંદખેડા, અમદાવાદના પત્ર ક્રમાંક : એએમડી/એલએકયુ/ઓએનજીસી/એનઓસી/૨૦૧૬/૭૨૭૬૮૧, તા.૨૫.૦૮.૨૦૧૬ થી આપેલ સુચના મુજબ, ઓ.એન.જી.સી.ની હયાત પાઈપ લાઈનથી ઓછામાં ઓછુ ૧૫ મીટર નું અંતર તથા ઈન્સ્ટોલેશન પ્લાન્ટથી ૬૦ મીટર નું અંતર તથા વેલ હેડ ફેર પોઈન્ટના પરિધથી ઓછામાં ઓછુ ૯૦ મીટર નું અંતર છોડવાનું રહેશે.

(૨૮) નર્મદા કેનાલ / અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતા અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૯) અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૩૦) અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતા અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૩૧) અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે તેમજ અરજદારે પર્યાવરણને લગતી પૂર્વ પરવાનગી મેળવવાની થતી હોય તો તે અંગે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવવાની રહેશે અને તે મુજબ પાલન કરવાનું રહેશે.

(૩૨) અરજદારે વરસાદ પાણીના નિકાલ માટે સ્વખર્ચે નાળાની વ્યવસ્થા કરવાની રહેશે અને એપ્રોચ રોડ માટેની સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી પરવાનગી મેળવી લેવાની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૩૩) આ હુકમથી જે સર્વે નંબરોની જમીનો જે કબજેદારના નામે બીનખેતીની મંજૂરી આપેલ છે તે જમીનોના કબજેદારો તેમના ખાતે જે જમીનો હશે તે જમીન પુરતો જ વહીવટ કરી શકશે અને આ હુકમની શરતો પૈકી કોઈપણ શરતના ભંગ બદલ આ જમીનોના કબજેદારો વ્યકિતગત તેમજ સંયુકત રીતે મંજૂરી મુજબની તમામ જમીન માટેની જવાબદારી સામુહિક રહેશે.

(૩૪) સવાલવાળી જમીનમાં શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નકશા મંજુર કરતાં, પહેલાં ચીફ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી. અવની ભવન, ચાંદખેડા,અમદાવાદ પાસેથી પરવાનગી મેળવવાની રહેશે.

(૩૫) અરજદારશ્રીએ છ માસમાં સક્ષમ ઓથોરીટી (ઔડા/ગુડા) પાસે બીનખેતી લે–આઉટ પ્લાન મંજુર કરાવવાનો રહેશે અને તેની એક નકલ તરત જ જિલ્લા જમીન દફતર નિરીક્ષકશ્રી (ડી.આઈ.એલ.આર.)ને મોકલી આપવાની રહેશે.

(૩૬) ડી.આઈ.એલ.આર.શ્રી ગાંધીનગરની કચેરીએ અરજદારશ્રી ધ્વારા છ–માસમાં લે–આઉટ પ્લાનની નકલ રજુ કરવામાં ન આવે તો ડી.આઈ.એલ.આર.કચેરીએ અત્રેની કચેરીને શરતભંગની કાર્યવાહી કરવા જાણ કરવાની.રહેશે.

(૩૭) ભવિષ્યમાં ડી.પી./ટી.પી.અથવા રોડની મહત્તમ કપાતના કારણસર ક્ષેત્રફળમાં હાલ અરજદારે રજૂ કરેલ લે–આઉટની સાપેક્ષે જો ફેરફાર/વધઘટ થાય તો તે મુજબ અમલ કરવાનો રહેશે તથા બંધનકર્તા રહેશે.

(૩૮) અરજદારે ઉપરની સૂચનાઓ/શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં કોઈપણ શરત કે શરતોના ભંગ થશે તો આ પરવાનગી રદ કરવામાં આવશે, આ ઉપરાંત જમીન મહેસુલ કાયદા તથા અન્ય લાગુ પડતા કાયદા, નિયમો અન્વયે શિક્ષાત્મક પગલાં લઈ શકાશે, તેમજ જમીનનો કબજો ચાલુ રાખવા માટે આકાર તથા દંડની રકમ જે જણાવવામાં આવે, તે ભરવાની જવાબદારી સંબંધિત કબજેદારની રહેશે.

રવાના કરવા પ્રમાણિત કર્યુ

ચિટનીશ ટુ કલેકટર
ગાંધીનગર

સહી/–
(સતીશ એ પટેલ)
કલેકટર,ગાંધીનગર

રજી.પો.એ.ડી.થી
પ્રતિ,
શ્રી પ્રશાભાઈ ડાહયાભાઈ પટેલ,
રહે.વાવોલ, તા.જિ.ગાંધીનગર

નકલ સવિનય રવાના:–

૧. નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના:–

૧. સિનિયર નગર નિયોજકશ્રી, **ગાંધીનગર** શહેરી વિકાસ સત્તા મંડળ, ઉદ્યોગ ભવન, સેકટર–૧૧, ગાંધીનગર તરફ જાણ તથા ઓ.એન.જી.સી. અવની ભવનનું ના–વાંધા પ્રમાણપત્ર મેળવીને નકશા મંજુર કરવા સારૂ.
૨. પ્રાંત અધિકારીશ્રી, **ગાંધીનગર.**
૩. નાયબ કલેકટરશ્રી, જ.સુ., અપીલ, ગાંધીનગર
૪. ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ગાંધીનગર.
૫. ચીફ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી., અવની ભવન, ચાંદખેડા, અમદાવાદ તરફ જાણ તેમજ આપના તા.૨૫.૦૮.૨૦૧૬ ના પત્રમાં જણાવેલ વિગતે ખાત્રી કરી (ગુડા/ઔડાને) નકશા મંજુર કરવા એન.ઓ.સી. આપવા સારૂ.
૬. નાયબ કલે. અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ઓ.એન.જી.સી., અમદાવાદ
૭. મામલતદારશ્રી, **ગાંધીનગર** તરફ ગામ દફતરે જરુરી નોંધ કરવા તથા સનંદો અંગે ઘટીત કાર્યવાહી કરવા સારું.
૮. મામલતદાર અને કૃષિપંચશ્રી, **ગાંધીનગર.**
૯. ડી.આઈ.એલ.આર.શ્રી, ગાંધીનગર તરફ જાણ તેમજ અરજદારશ્રી ધ્વારા છ–માસમાં સક્ષમ અધિકારીશ્રી (ઔડા/ગુડા) ના મંજુર કરાવેલ નકશાની નકલ રજુ ન થાય તો શરતભંગની કાર્યવાહી કરવા અત્રે રીપોર્ટ કરવા સારૂ.
૧૦. નાયબ મામલતદારશ્રી (ઈ–ધરા), મામલતદાર કચેરી, **ગાંધીનગર** તરફ ગામ દફતરે નોંધ કરવા અને તેની નકલ અત્રે મોકલવા સારૂ.
૧૧. તલાટી કમ મંત્રીશ્રી, **વાવોલ**, તા. જી.ગાંધીનગર તરફ જાણ તથા જરુરી કાર્યવાહી કરવા સારું.
૧૨. સિલેકટ ફાઈલ.

ગુડા

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નંબર- ૧૮ ચોથો માળ , ઉર્વ.ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર. ફોન/ફેક્સ નં- ૨૩૨૪૯૦૧૩/૧૮

અરજદારની નકલ

પી.આર.એમ ક્રમાંક	SARGSAN/117/03/2019	ચલણ નં	13,469.00
નામ	SHRI JAYESHBHAI B. PATEL OTHERES	ચલણ તારીખ	11-Mar-2019
સરનામું			
સેક્ટર નં		પ્લોટ	
મોજે		ટ્રાવે/બ્લોક નં	
ટી.પી.સ્કીમ.નં		એફ.પી.નં	
ટી.પી નામ	30	સર્વે બ્લોક	430/P
સબ પ્લા.ટ / ટેનામેન્ટ / પ્લોટ નં		ઉપયોગનો હેતુ	Residential

વિગત	ક્ષેત્રફળ ચો.મી./યુનીટ	દર પ્રતિ ચો.મી.યુનીટ રુ.પૈસા	કુલ રકમ રુ.પૈસા
સ્કુટીની ફી આંચકામ.	225.00	10.00	2250.00
			2250.00

A/C - 660~~27631731~~

A/C - 66027885009

અંકે રુપિયા બે હજાર બસો પચાસ રુપિયા પુરા અરજદાર પાસેથી ઉપર મુજબની વિકાસ પરવાનગી ફેરે ફી/ડિપોઝીટની રકમ વસુલ લેવી. ઉપર પ્રમાણેની રકમ વસુલ કરી અરજદારને પાકી પહોંચ આપવી.

S.B.I. બેંકના ઉપયોગ માટે

પ્લાનીંગ આસિસ્ટન્ટ

જુનીયર ટાઉન પ્લાનર

કેશ/ચેક રુ. 2,250.00 (અંકે રુપિયા : બે હજાર બસો પચાસ રુપિયા પુરા) ના. થી વસુલ લેવા.



ચેક નંબર.

બેંકનું નામ

એકાઉન્ટન્ટ

લિસાબી અધિકારી